दाખલ તારીખ :– ૦૭/૧૦/૨૦૨૨
નોંધ્યા તારીખ :– ૦૭/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ :– ૧૧/૧૦/૨૦૨૨

सत्यमेव जयते

# મોરબી જીલ્લાના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.મોરબી.

**ફોજદારી પરચુરણ અરજી નં:–૮૭૭/૨૦૨૨**
**આંક:–૫**

**અરજદાર :–** **ચેતનસિંહ રવિન્દ્રસિંહ ચૌહાણ (જાતે રાજપુત)**
ઉ.વ.:–આ ૩૦, ધર્મ:–હીન્દુ,ધંધો:–વેપાર,
રહે.મોરબી ગુ.હા. બોર્ડ, શનળા રોડ, મોરબી.

**–::વિરુધ્ધ::–**

**સામાવાળા :–** **શ્રી સરકાર**

બાબત :– મોરબી તાલુકા પોલીસ સ્ટેશન " સી " પાર્ટ ગુ. ર. નં.૧૧૧૮૯૦૦૫૨૨૧ ૫૭૫/૨૦૨૨, પ્રોહી કલમ:– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૮૬ મુજબ ના ગુન્હા કામે સી. આર. પી. સી. ની કલમ–૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

---

અરજદાર તરફે :– વિ.વ.શ્રી જે.આર.જાડેજા

સામાવાળા તરફે :– વિ.સ્પે.પી.પી.શ્રી ડી.એચ.પંડયા

---

## –::ઠરાવ::–

**૧.** આ કામે અરજદાર/આરોપીએ તેઓ સામે નોંધાયેલ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન " સી " પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૫૨૨૧૫૭૫/૨૦૨૨, પ્રોહી કલમ:– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૮૬ મુજબના કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ:– ૪૩૯ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની જામીન અરજી કરેલ છે.



Sessions Judge,
Morbi.

૨. ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણું કરી આરોપી નં.૪ વાળાએ ભાડેથી રાખેલ ગોડાઉનમાં આરોપી નં.૧ થી ૩ વાળાઓએ પરપ્રાંતમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી ગોડાઉનમાં તેનો સંગ્રહ કરી વેચાણ/હેરાફેરી કરતા આરોપીના કબજા ભોગવટા વાળા ગોડાઉનમાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની કાચની કંપની સીલ પેક કુલ બોટલો નંગ–૮૯૮૮ કિ.રૂા.૪૦,૫૧,૮૦૦/– નો મુદામાલ વેચાણ/હેરાફેરી કરવાના આશયથી રાખી આરોપી નં.૪ મુદામાલ સાથે હાજર મળી આવી તથા આરોપી નં.૧, ર તથા ૩ (અરજદાર/આરોપી) હાજર નહી મળી તેમજ આ કામના અરજદાર/ આરોપી સદરહું ગોડાઉન પોતે પોતાના મિત્રના નામે ભાડા કરાર કરાવી ભાડેથી રખાવનાર તથા આર્થીક ફાયદા સારુ આ ગોડાઉને દારૂનો જથ્થો આવે ત્યારે સહ આરોપી સાથે પોલીસનું ઘ્યાન રાખી ચોકીદારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

૩. અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રી જે.આર.જાડેજાનાએ એવી દલીલ કરેલ છે કે,આ કામના અરજદાર/આરોપી બનાવ સ્થળે હાજર ન હતા તેમજ અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. જે ગોડાઉનમાંથી મુદામાલ દારૂ મળી આવેલ છે તે અરજદાર/આરોપીની માલીકીનું નથી તેમજ તેમનો કોઈ ભાડા કરાર અરજદાર/આરોપીએ કરાવેલ નથી. અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી.અરજદાર/આરોપી નાની ઉંમરના છે અને અભ્યાસ કરે છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ બનાવમાં કોઈ ભાગ ભજવેલ નથી કે તેઓ સામે ગુન્હાને સાંકળતો કોઈ પુરાવો નથી. સદર ગુનો ટ્રાયેબલ બાય જે.એમ.એફ.સી. છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામે વર્ષોથી રહે છે. કયાંય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ ઘ્વારા જે જે શરતો ફરમાવવામાં આવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેમજ પોલીસ તપાસમાં સંપુર્ણ પણે સાથ સહકાર આપવાની બાંહેધરી આપી રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિધ્વાન સ્પે. પી.પી.શ્રી ડી.એચ.પંડયાનાઓએ દલીલ કરી જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારનાઓએ આંક–૦૪ થી એફીડેવીટ રજુ કરી ગુન્હાની હકીકત તથા અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર નહી છોડવા બાબતની વિગતો જણાવેલ છે. સદર ગુનાના કામે ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની કાચની કંપની સીલ પેક કુલ બોટલો નંગ–૮૯૮૮ કિ.રૂા.૪૦,૫૧,૮૦૦/– નો મુદામાલ ગોડાઉનમાંથી મળી આવેલ છે. આ કામના અરજદાર/આરોપીએ સહઆરોપીને ગોડાઉન ભાડે અપાવેલ છે. અરજદાર/આરોપી આ કામના મુખ્ય આરોપી પાસેથી માસીક રૂા.૫૦,૦૦૦/– લઈને પોલીસ ન આવે તેનું ઘ્યાન રાખતા હતા. અરજદાર/આરોપી મુદામાલ દારૂ વાહનમાંથી ઉતારવામાં તથા મુદામાલ દારૂના વિતરણમાં મદદ કરતા હતા. સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. તેવા સંજોગોમાં તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના ફરીયાદી,સાહેદો તથા પંચોને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે–કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૫. આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા, તપાસ કરનાર અમલદારની આંક–૪ ની એફીડેવીટ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. બન્ને પક્ષોની દલીલ સાંભળી.

૬. આ ગુનાની હકીકત જોતાં, આ કામના આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણું કરી આરોપી નં.૪ વાળાએ ભાડેથી રાખેલ ગાોડઉનમાં આરોપી નં.૧ થી ૩ વાળાઓએ પરપ્રાંતમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી ગાોડાઉનમાં તેનો સંગ્રહ કરી વેચાણ/હેરાફેરી કરતા આરોપીના કબજા ભોગવટા વાળા ગોડાઉનમાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની વ્હીસ્કી ૭૫૦ મી.લી. ની કાચની કંપની સીલ પેક કુલ બોટલો નંગ–૮૯૮૮ કિ.રૂા.૪૦,૫૧,૮૦૦/– નો મુદામાલ વેચાણ/હેરાફેરી કરવાના આશયથી રાખી આરોપી નં.૪ મુદામાલ સાથે હાજર મળી આવી તથા આરોપી નં.૧, ૨ તથા ૩



*Sessions Judge,
Morbi.*

(અરજદાર/આરોપી) હાજર નહી મળી તેમજ આ કામના અરજદાર/ આરોપી સદરહું ગોડાઉન પોતે પોતાના મિત્રના નામે ભાડા કરાર કરાવી ભાડેથી રખાવનાર તથા આર્થીક ફાયદા સારુ આ ગોડાઉને દારૂનો જથ્થો આવે ત્યારે સહ આરોપી સાથે પોલીસનું ઘ્યાન રાખી ચોકીદારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.સદરહું દારૂનો જથ્થો ગુન્હા કામે પોલીસ ઘ્વારા સ્થળપરથી કબ્જે કરવામાં આવેલ છે. દારૂનો મુદામાલ મંગાવનાર તરીકે અરજદાર/ આરોપી હોવાનું જણાતું નથી. અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી મોરબીના રહેવાસી છે નાશી ભાગી જાય તેમ હોવાનું જણાતું નથી. તેઓ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી, લાલચપ્રલોભન ન આપે તે સારું યોગ્ય શરતો મુકવી યોગ્ય જણાય છે.

**૭.** ઉપરોકત ચર્ચા મુજબ ગુન્હાની હકીકત અરજદાર/આરોપીનો રોલ, અરજદાર/આરોપીના રહેઠાણની હકીકત ઘ્યાને લેતાં, આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે તેમ માનીનીચે મુજબ આખરી હુકમ કરું છું.

**<u>—:: હુકમ ::—</u>**

**૧.** અરજદાર/આરોપીની આ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** મોરબી તાલુકા પોલીસ સ્ટેશન " સી " પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૫૨૨૧૫૭૫/ ૨૦૨૨, પ્રોહી કલમઃ– ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૮૬ મુજબના ગુન્હા કામે અરજદાર/આરોપી **ચેતનસિંહ રવિન્દ્રસિંહ ચૌહાણ (જાતે રાજપુત) એ રૂા.૧૦,૦૦૦/– (અંકે રુપીયા દસ હજાર પુરા)** નો જાત મુચરકો તથા તેટલી જ રકમ ના જામીન નીચેની કોર્ટ સમક્ષ આપેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

**:૧:** અરજદાર/આરોપીએ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિતપણે કોર્ટમાં હાજર રહેવું.

**:૨:** અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.



*Sessions Judge,*
*Morbi.*

:૩: અરજદાર/આરોપીએ કેસનો નિકાલ ન થાય ત્યાંસુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશ ની હદ છોડવી નહી.

:૪: અરજદાર/આરોપીએ પોતાના હાલના તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઈલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઈ ફેરફાર થાય તો તેની લેખીતમાં જાણ અત્રેની કોર્ટને કરવી.

:૫: અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો તે જામીન મુકત થયા બાદ દિન–૭(સાત) માં અત્રેની કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે. અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

:૬: અરજદાર/આરોપીને તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે બોલાવે ત્યારે ત્યાં અને ત્યારે હાજર રહી ગુન્હાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવાનો રહેશે.

:૭: અરજદારો/આરોપીએ આ ગુન્હાની ચાર્જશીટ કોર્ટમાં રજુ થાય ત્યાં સુધી દરેક માસની ૧ લી અને ૧૫ મી તારીખે સવારે ૯–૦૦ થી ૧૨–૦૦ દરમ્યાન સબંધીત પોલીસ સ્ટેશને નિયમીત હાજરી પુરાવવાની રહેશે.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપી ભંગ કરશે તો, જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.
- આ હુકમની જાણ સબંધીત કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ તારીખઃ–૧૧ મી, માહેઃ–ઓકટોબર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**(પિનાકીન ચંદ્રકાંત જોષી)**
**સેશન્સ જજ, મોરબી.**
**UID NO. GJ00334**

/NDB/